CC.NO.176/2025

सत्यमेव जयते

| | |
|---|---|
| દાખલ થયા તારીખ: | ૧૭–૧૨–૨૦૨૫ |
| રજી.લીધા તારીખ : | ૧૭–૧૨–૨૦૨૫ |
| ફેસલ થયા તારીખ: | ૦૪–૦૫–૨૦૨૬ |

---

ભિલોડાના મે. એડી. ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની અદાલતમાં,
મુ.ભિલોડા,

---

ક્રિ.કેસ નંબર–૧૭૬/૨૦૨૫
આંક : – ૨૪

ફરીયાદી:– શ્રીસરકાર
(ભિલોડા પો.સ્ટે.ગુ.રજી.નં.૦૧૩૦/૨૪)

–:: વિરુધ્ધ ::–

આરોપી:– રૂપસીભાઈ રામજીભાઈ અહારી (ડામોર),ઉ.વ.૫૧,
રહે.દેમત(રેડફળો),તા.નયાગાવ,જિ.ઉદેપુર
(રાજસ્થાન)

ગુન્હો :– ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ– ૬૫(એ)(ઈ), ૮૧
મુજબ.

---

ફરિયાદ પક્ષ તરફે એ.પી.પી.શ્રી બી.આઈ.મનસુરી,
આરોપીપક્ષ તરફે વિ.વ.શ્રી એન.બી.મીણા.

---

//જજમેન્ટ//

(૧) ફરીયાદપક્ષના કેસની ટુકમાં હકિકત એવી છે કે,

આરોપીએ ગઈ તા.૦૩/૦૩/૨૦૨૪ ના કલાક.૧૭/૧૫ વાગે કોલમ નં.૧ અને ૨ માં જણાવેલ આરોપીએ પ્રોહી પ્રતિબંધક એરીયામાં ગેરકાયદેસર અને વગર પાસ પરમીટે આ કામના આરોપી નિકુંજભાઈનાએ પોતાના કબ્જા ભોગવટાના ઘરની બાજુમાં આવેલ ઓરડીમાં તથા સ્કોર્પિયો ગાડી નં. જી.જે.૨૩.પી.૯૯૯૭ માં જુદી જુદી બ્રાન્ડની વિદેશી દારૂ તથા બીયરની બોટલો/ટીન નંગ–૯૮૬ જેની કુલ કિ.રૂા.૧,૯૧,૬૯૪/– તથા મોબાઈલ ફોન કિ.રૂા.૧૫૦૦/– તથા સ્કોર્પિયો ગાડીની કિં.રૂા.૨,૦૦,૦૦૦/– મળી કુલ કિં.રૂા.૩,૯૩,૧૯૪/– નો મુદામાલ રાખી પ્રોહી રેડ દરમ્યાન મળી આવી પકડાઈ જઈ તેમજ આરોપી વસંતભાઈ નાઓ આ કામના આરોપી નિકુંજભાઈ મારફતે મુદામાલ મંગાવી પ્રોહી રેઈડ દરમ્યાન સ્થળ ઉપરથી નાસી ગયેલ હો સદર તપાસ દરમ્યાન કોલમ.નં.૧માં જણાવેલ આરોપી કોલમ. નં.૨માં જણાવેલ આરોપી નં.૧ ના ઘરે દારૂ મુકી જઈ ગુન્હો:ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(ઈ),૮૧ મુજબનો ગુન્હો આચરેલ. મજકુર બનાવ ની ફરીયાદ ફરીયાદી ધ્વારા આપતાં તેની તપાસ ના અંતે હાલના આરોપી વિરુધ્ધ હાલનુ ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરેલ છે.

(૨) આરોપીને અદાલત સમક્ષ હાજર રખાવતા તેમને ક્રિ. પ્રો. કો.ની કલમ ૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો મળ્યાની ખાતરી કર્યા બાદ આંક–૦૩ થી તહોમતનામું ફરમાવી આંક–૦૪ થી નિવેદન લેતાં આરોપીએ તેની સામેના ગુનાનો ઈન્કાર કરતાં ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવવામાં આવી ફરીયાદ પક્ષે પુરાવો રજુ કરવા જણાવતાં ફરીયાદ પક્ષે રજુ કરેલ પુરાવો નોધ્યો.

(૩) આ કામમાં ફરીયાદપક્ષે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

<u>મૌખિક તથા દસ્તાવેજી પુરાવો:–</u>

આંક.૦૮ થી ફરીયાદી એ.એસ.આઇ.રમેશભાઇ ખાતરાજીની જુબાની

આંક ૦૯ થી ફરીયાદ

આંક.૧૧ થી ત.ક.અ. પો.ઈ. હસુભાઇ પ્રેમસિંગભાઇ ગરાસીયાની જુબાની

આંક.૧૨ થી સુચિપત્ર

આંક.૧૩ થી ત.ક.અ. અ.હે.કો.જયેશભાઇ જયંતીભાઈની જુબાની

આંક.૨૧ થી પંચ સાહેદ માધુભાઇ નગજીભાઇ અસારીની જુબાની

આંક.૨૨ થી મુદ્દામાલ કબજે કર્યા અંગેનું પંચનામું.

ત્યારબાદ ફરીયાદપક્ષે મૌખીક રીતે પોતાનો પુરાવો થયાની હકીકત જાહેર કરતા, આરોપીનું બી.એન.એસ.એસ.ની કલમ ૩૫૧ મુજબ વધારાનું નિવેદન લેતા તેમાં આરોપીએ તમામ હકીકતો ઈન્કાર કરી બચાવમાં કોઈ પુરાવો રજુ કરવા માંગતા ન હોવાનું જણાવેલ છે અને વિશેષ તેમની વિરુધ્ધ ખોટો કેસ કરેલ હોવાનું જણાવતા હોઈ તેમનું નિવેદન તેમના લખાવ્યા મુજબનું નોંધવામાં આવેલ છે.

(૪). ઉપરોકત હકીકતો તેમજ પડેલ પુરાવા નજરે રાખી આ કામના નિર્ણય માટે આ કોર્ટ સમક્ષ નીચે મુજબના મુખ્ય મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

<u>// મુદ્દા //</u>

(૧). શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે,આરોપીએ ગઈ તા.૦૩/૦૩/૨૦૨૪ ના કલાક.૧૭/૧૫ વાગે કોલમ નં.૧ અને ૨ માં જણાવેલ આરોપીએ પ્રોહી પ્રતિબંધક એરીયામાં ગેરકાયદેસર અને વગર પાસ પરમીટે આ કામના આરોપી નિકુંજભાઈનાએ પોતાના કબ્જા ભોગવટાના ઘરની બાજુમાં આવેલ ઓરડીમાં તથઆંક.૧૩ થી ત.ક. અ. અ.હે.કો.જયેશભાઇ જયંતીભાઇ સ્કોર્પિયો ગાડી નં.જી.જે. ૨૩.પી.૯૯૯૭ માં જુદી જુદી બ્રાન્ડની વિદેશી દારૂ તથા બીયરની

બોટલો/ટીન નંગ-૯૮૬ જેની કુલ કિ.રૂ.૧,૯૧,૬૯૪/- તથા મોબાઈલ ફોન કિ.રૂ.૧૫૦૦/- તથા સ્કોર્પિયો ગાડીની કિં.રૂ. ૨,૦૦,૦૦૦/- મળી કુલ કિં.રૂ.૩,૯૩,૧૯૪/- નો મુદામાલ રાખી પ્રોહી રેડ દરમ્યાન મળી આવી પકડાઈ જઈ તેમજ આરોપી વસંતભાઈ નાઓ આ કામના આરોપી નિકુંજભાઈ મારફતે મુદામાલ મંગાવી પ્રોહી રેઈડ દરમ્યાન સ્થળ ઉપરથી નાસી ગયેલ હો સદર તપાસ દરમ્યાન કોલમ.નં.૧માં જણાવેલ આરોપી કોલમ. નં.૨માં જણાવેલ આરોપી નં.૧ ના ઘરે દારૂ મુકી જઈ ગુન્હો:ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ-૬૫(એ)(ઈ),૮૧ મુજબનો શીક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે?

(૨). શું હુકમ ?

(૫) ઉપરોકત મુદ્દાઓ પરત્વે આ કોર્ટના નિર્ણયો નીચે મુજબ છે.

// નિ ર્ણ યો //

(૧). મુદ્દા નંબર-૧: નકારમાં,
(૨). મુદ્દા નંબર -૨: આખરી હુકમ મુજબ.

// નિ ર્ણ ય અંગેના કારણો //

(૬) આ કામે ફરીયાદ પક્ષે આરોપી વિરુધ્ધનું તહોમત અને કેસની હકિકત સાબીત કરવા માટે આંક.૨૧ થી પંચ સાહેદ માધુભાઈ નગજીભાઈ અસારીનાઓને તપાસવામાં આવેલ છે. સદર પંચસાહેદો એ તેમની જુબાની દરમિયાન આંક-૨૨ નાં મુદ્દામાલ રીકવર પંચનામામાં ફકત પોતાની સહી ઓળખી બતાવ્યા સિવાય પંચનામાની કોઈ જ હકીકતને સમર્થન આપેલ નથી. આ પંચસાહેદો ને તેની જુબાની દરમિયાન ફરી ગયેલ જાહેર કર્યા બાદ વિ.એ. પી.પી.શ્રીએ કરેલ ઉલટ તપાસમાં આ પંચ સાહેદે પંચનામાની હકિકતોને સમર્થન કરેલ નથી તથા આ સાહેદની આરોપી તર્ફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં આ પંચસાહેદે જણાવેલ છે કે,પોલીસે તેમની એક તૈયાર લખેલા કાગળ માં સહી કરાવેલી તે સિવાય તેઓ બીજુ કઈ જાણતા

નથી.

(૭) ફરીયાદ પક્ષઆંક.૦૮ થી ફરીયાદી એ.એસ.આઇ.રમેશભાઇ ખાતરાજીનાઓને તપાસવામાં આવતા તેઓએ તેમની કોર્ટ રૂબરૂની જુબાનીમાં એવુ જણાવેલ છે કે,''ગઈ તા.૩/૦૩/૨૦૨૪ ના રોજ અમો ભિલોડા પો.સ્ટે. માં ફરજ બજાવતા હતા તે વખતે અમો તથા ઈન્ચા. પો.ઈ. એચ.પી.ગરાસીયાનાઓ તથા બીજા પો.સ્ટે.ના માણસો સાથે પો.સ્ટે. વિસ્તારમા વાહન ચેકીંગમાં હાજર હતા તે વખતે અમારી સાથેના પો.ઈ.શ્રી એચ.પી. ગરાસીયાનાઓએ ખાનગી રાહે બાતમી હકીકત મળેલ કે એક નિકુંજભાઈ વાલજીભાઈ તબીયાર,રહે. રામપુરી નાઓ પોતાના ઘરે વિદેશી દારૂનો જથ્થો લાવી વેચાણ કરે છે,જે બાતમી આધારે બે પંચોના માણસો બોલાવી સદરીના ઘરે પંચો રૂબરૂ પ્રોહી રેઈડ કરતા તેના રહેણાકંના ઘરની બાજુમાં બનાવેલ ઓરડીમાંથી વિદેશી દારૂ બોટલ નંગ-૫૭૨, કિ.રૂા. ૧,૩૯૪૦૪૮/- જે તમામ મુદ્દામાલ પંચનામાની વિગતે કબજે લીધેલ તથા એક બોટલ સેમ્પલ રાખી મે આરોપી વિરુધ્ધ વગર પાસ પરમીટે વિદેશી દારૂ ભરી લાવતા હોય પો.સ્ટે.આવી ધોરણસરની ફરીયાદ આપેલી.જે ફરીયાદની ખરી નકલ મને કોર્ટ રેકર્ડમાંથી બતાવવામાં આવે છે,તેમાં મારી સહી છે,જે રજુ દાખલ આંક.૦૯ આપવામાં આવે છે.આરોપીઓને જોયેથી ઓળખી શકુ.''જયારે બચાવપક્ષ તર્ફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ વાતનો સ્વીકાર કરેલ છે કે,''એ વાત ખરી છે કે,મારી ફરીયાદમાં પંચોના નામ સરનામા જણાવેલ નથી.એ વાત ખરી છે કે,હાલના આરોપી રૂપસીભાઈ રામજીભાઈ અસારી પાસેથી કોઈ મુદ્દામાલ મળી આવેલ નથી. ''

(૮) ફરીયાદપક્ષે આંક.૧૧ થી ત.ક.અ.પો.ઈ.હસુભાઈપ્રેમસિંગભાઈ ગરાસીયાનાઓને તપાસવામાં આવતા તેઓએ તેમની કોર્ટ રૂબરૂની જુબાનીમાં

એવુ જણાવેલ છે કે,''ગઈ તા.૩/૦૩/૨૦૨૪ ના રોજ અમો ભિલોડા પો.સ્ટે.માં ઈન્ચા. પો.ઈ. તરીકે ફરજ બજાવતા હતા તે વખતે અમો તથા બીજા પો.સ્ટે.ના માણસો સાથે પો.સ્ટે. વિસ્તારમા વાહન ચેકીંગમાં હાજર હતા તે વખતે અમોને ખાનગી રાહે બાતમી હકીકત મળેલ કે નિકુંજભાઈ વાલજીભાઈ તબીયાર,રહે. રામપુરી નાઓ પોતાના ઘરે વિદેશી દારૂનો જથ્થો લાવી વેચાણ કરે છે,જે બાતમી આધારે બે પંચોના માણસો બોલાવી સદરીના ઘરે પંચો રૂબરૂ પ્રોહી રેઈડ કરતા તેના રહેણાકંના ઘરની બાજુમાં બનાવેલ ઓરડીમાંથી વિદેશી દારૂ બોટલ નંગ-૫૭૨,કિ.રૂા. ૧,૩૯,૪૦૪/- જે તમામ મુદ્દામાલ પંચનામાની વિગતે અમોએ કબજે લીધેલ તથા એક બોટલ સેમ્પલ રાખી સાથેના આ.હે.કો.રમેશભાઈ ખાતરાજીનાએ આરોપી વિરુધ્ધ વગર પાસ પરમીટે વિદેશી દારૂ ભરી લાવતા હોય પો.સ્ટે.આવી ધોરણસરની ફરીયાદ આપેલી.જે ફરીયાદ આ કામે આંક-૯ થી રજુ છે.ત્યારબાદ ભિલોડા પો.સ્ટે.ના પી.એસ.ઓ.શ્રી પી.એસ.ઓ.શ્રી ચંદુભાઈ ખાતુભાઈનાઓએ ગુ.ર.નં.૧૩૦/૨૦૨૪,પ્રોહી એકટ કલમ-૬૫ એઈ તથા ૮૧ મુજબ ગુન્હો રજીસ્ટર કરી સુચિપત્રમાં મારા નામજોગ હુકમ કરી તપાસ અમોને સોપેલ,જે સુચિપત્રની ખરી નકલ મને કોર્ટ રેકર્ડમાંથી બતાવવામાં આવે છે,જે રજુ દાખલ આંક-૧૨ આપવામાં આવે છે.ત્યારબાદ તપાસના કામે સાથેના પોલીસ સહકર્મચારીઓના નિવેદન લીધેલા.ત્યારબાદ અમારી બદલી થતા આગળની વધુ તપાસ અ.હે.કો. જયેશ જયંતીભાઈ નાઓને સોંપી આપેલી.હુ આરોપીને જોયે ઓળખુ છુ.હાજર હોય તો ઓળખી શકુ,જે નામદાર કોર્ટમાં હાજર નથી. .''

જયારે બચાવપક્ષ તર્ફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ વાતનો સ્વીકાર કરેલ છે કે, ''એ વાત ખરી છે કે,બનાવવાળી

જગ્યાએ આજુબાજુ રહેણાંકના મકાનો આવેલા છે.એ વાત ખરી છે કે,પોલીસ સાહેદો સિવચા અન્ય સ્વતંત્ર સાહેદોના નીવેદન લીધેલ નથી.''

(૦૯) વધુમાં,ફરીયાદપક્ષે આંક.૧૩ થી ત.ક.અ. અ.હે.કો. જયેશભાઇ જયંતીભાઇનાઓને તપાસવામાં આવતા તેઓએ તેમની કોર્ટ રૂબરૂની જુબાનીમાં એવુ જણાવેલ છે કે,''ગઈ તા.૨૯/૧૨/૨૦૨૪ ના રોજ અમો ભિલોડા પો.સ્ટે.અ.હે.કો. તરીકે ફરજ બજાવતા હતા તે દરમ્યાન અગાઉ ગુ.ર.નં.૧૩૦/૨૦૨૪,પ્રોહી એકટ કલમ–૬૫ એઈ તથા ૮૧ મુજબ ગુન્હો રજીસ્ટર કરી તપાસ પો.ઈ.શ્રી એચ.પી.ગરાસીયાનાઓને સોંપેલ.શ્રી એચ.પી.ગરાસીયાનાઓએ સરદ ગુનાની સંપુર્ણ તપાસ કરી તેઓશ્રીએ સદર ગુનાના કામે ફરીયાદીની ફરીયાદ પોતાના રૂબરૂ લઈ વિગતવારનુ પંચનામુ કરી કબજે લીધેલ.સદર ગુના વખતે હાજર પોલીસ કર્મચારીઓના નિવેદન લીધેલ અને ત્યારબાદ આરોપીને અટક કરેલ અને આરોપી રૂપસીભાઈ રામજીભાઈ અહારી નાસતા ફરતા હોચ તેઓને નાસતા ફરતા બતાવી પકડાયેલ આરોપીને અટક કરી તેમની વિરૂધ્ધ ચાર્જશીટ ફાઈલ કરેલ અને ત્યારબાદ સદર આરોપી રૂપસીભાઈ રામજીભાઈ અહારી નાઓને તા.૨૯/૧૨/૨૪ ના રોજ નામદાર કોર્ટમાં રજુ કરી રીમાન્ડ માટે તજવીજ કરવામાં આવેલ અને આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવા હોચ નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ છે.હુ આરોપીને જોયે ઓળખુ છુ.હાજર હોચ તો ઓળખી શકુ,જે નામદાર કોર્ટમાં હાજર નથી.''

જયારે બચાવપક્ષ તર્ફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં એવુ જણાવે છે કે, ''એ વાત ખરી નથી કે,હાલના આરોપી પાસે કોઈ મુદ્દામાલ મળી આવેલ નથી. એ વાત ખરી નથી કે,આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો ન હોવા છતા ખોટુ ચાર્જશીટ કરી ખોટી જુબાની આપુ છુ.''

(૧૧) ફરીયાદપક્ષે રજુ પુરાવો જોતાં, આ કામે પંચ સાહેદોના પુરાવા

પરથી એ હકીકત ફલીત થાય છે કે,આંક–૨૨ નું પંચનામું પંચોની રુબરુ અને હાજરીમાં કરવામાં આવેલ નથી તેમજ સદર પંચો રુબરુ આ કામેનો મુદામાલ કબજે લેવામાં આવેલ છે તેવી હકીકત સદર પંચસાહેદના પુરાવાથી ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી. આમ ફરીયાદપક્ષના કેસની હકીકત મુજબ બનાવના દિવસે આરોપી પાસેથી પોલીસે પંચો રુબરુ મુદામાલ કબજે લીધેલાનું પુરવાર થતુ નથી કે ફરીયાદપક્ષના કેસની સઘળી હકીકતોને સમર્થન પ્રાપ્ત થતુ નથી.

(૧૨) <u>નામ.બોમ્બે હાઈકોર્ટે સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિ. ઓનકાર મનીક પાટીલ (૧૯૭૯ ક્રિ.લો.રી. મહારાષ્ટ્ર ૪૨૧)</u> ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે કે,'' જયારે પંચસાહેદ દવારા પંચનામાને સમર્થન મળતુ ન હોય તેવા સં જોગોમાં ફરીયાદીને પણ સોગંદ ઉપર તપાસવાથી ન્યાયનો હેતુ પાર પાડી શકાય નહિ.'' આમ,સદર કામે આંક–૨૨ નું પંચનામું રજુ કરવામાં આવેલ છે પરંતુ તેની હકીકતો સાબિત કરવામાં ફરીયાદપક્ષ સફળ થયેલ નથી.

(૧૩) આ કામેના પોલીસ સાહેદોના પુરાવામાં બનાવવાળી જગ્યાએ ઘણા બધા વાહનો તથા માણસોની અવર જવર હોવાનું રેકર્ડ ઉપર આવેલ હોવાછતાં સદર કામે તપાસ કરનાર અમલદારે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો નોંધેલ નથી અને તેમનો પુરાવો ફરીયાદ પક્ષે રજૂ કરવામાં આવેલ નથી. જેથી માત્ર પોલીસ સાહેદો ના પુરાવાનો આધાર રાખી સ્વતંત્ર સાહેદોના સમર્થનકારી પુરાવાની ગેરહાજરીમાં આંક–૨૨ થી રજૂ થયેલ પંચનામાની હકીકતો પુરવાર થઈ ગયેલ હોવાનું માની શકાય નહી.

(૧૪) વધુમાં, <u>નામ. ગુજરાત હાઈકોર્ટના ધીરજલાલ ગાંડાભાઈ અને બીજા વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત ૧૯૯૧(૧) જી.એલ.આર. ૪૩૩</u> ના

ચુકાદામાં નામ. ગુજરાત હાઈકોર્ટે ઠરાવેલ છે કે, "Before a presumption can be raised thereunder, it is necessary to establish in evidence that the sealed bottle was bearing the original label indicating the name of any known brands of spirits and also the name of its manufacture. It is clear on the record of the case that at least the condition regarding the manufacturer of the bottles in question has not fulfilled in the present case. It is, therefore, not possible to raise the presumption under the said section 116B. There is no other evidence in the case which connects the accused with the offence in question."

(૧૫) નામ.ગુજરાત હાઈકોર્ટના ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ ફરીયાદ પક્ષે એ હકીકત સાબીત કરવી પડે કે, સદર કામે કહેવાતા આક્ષેપીત જુદી જુદી બ્રાન્ડની ઈગ્લીસ દારૂ / બીયર ની બોટલો પકડાયેલ છે તેના પર લાગેલ સીલ તથા તેના પર લાગેલા લેબલ સાચા છે કે કેમ ? તે સંદર્ભે તેઓએ તપાસ કરેલ અને તેના પર તેના ઉત્પાદન કરનારનું નામ લખેલ છે તે સાચુ છે કે કેમ ? તે સંદર્ભે યોગ્ય તપાસ કરવી જોઈએ. પરંતુ સદર કામે તેવી કોઈ જ તપાસ કરેલ હોય કે તે સંદર્ભે માહીતી તથા કહેવાતી આક્ષેપીત બ્રાન્ડના ઉત્પાદકો ના નિવેદનો લીધેલ હોય તેવી કોઈ જ હકીકત ફરીયાદ પક્ષ રેકર્ડ પર લાવી શકેલ નથી. સમગ્રપણે આ કામેની તપાસ જ અસ્પષ્ટ અને અધુરી તજવીજની જણાઈ આવે છે. આમ, સ્વતંત્ર અને નિષ્પક્ષ પુરાવાના સમર્થન વિહોણી પોલીસ સાહેદોની જુબાની માન્ય રાખી આરોપી વિરુધ્ધ કેસ પુરવાર થયેલો ગણી શકાય નહીં.આ કામેના

તમામ પોલીસ પેપર્સ તેમજ પુરાવાઓ લક્ષમાં લેતાં આ કામેના આરોપી વિરુધ્ધ આક્ષેપીત ગુન્હો આચરવામાં આવેલ હોવાની હકીકત સ્પષ્ટ, નિ:શંક,સ્વતંત્ર અને અસંદિગ્ધ પુરાવાથી ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી.

(૧૬) આમ, સદર કેસમાં ફરીયાદ પક્ષ નિ:શંકપણે આરોપી વિરુધ્ધનું તહોમત પુરવાર નિષ્ફળ નિવડેલ હોઈ, ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

*__:: આખરી હુકમ ::–__*

(૧) રૂપસીભાઇ રામજીભાઈ અહારી (ડામોર),ઉ.વ.૫૧,રહે.દેમત (રેડફળો),તા.નયાગાવ,જિ.ઉદેપુર(રાજસ્થાન)નાઓને બી.એન.એસ.એસની કલમ–૨૭૧(૧) મુજબ ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫(એ)(ઈ),૮૧મુજબના ગુન્હામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) કબજે કરવામાં આવેલ પ્રોહી.મુદ્દામાલનો અપીલ સમય વિત્યાબાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આરોપીના અગાઉના જામીન અપીલ સમય સુધી ચાલુ રાખવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૦૪ થી,માહે–મે,સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ:૦૪/૦૫/૨૦૨૬
મુકામ: ભીલોડા

(તુષારકુમાર વીરાભાઈ પરમાર)
એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ
ભિલોડા.
UID CODE GJ01084